# રાજ્યમાં કોરોનાના કેસ પંદર હજારને પાર

## છેલ્લા ૨૪ કલાકમાં જ નવા ૩૭૬ કેસો સપાટીએ આવ્યા : અમદાવાદમાં નવા ૨૫૬ કોરોના કેસો સામે આવ્યા : સુરત ૩૪, વડોદરા ૨૯ અને મહિસાગર ૧૪ નવા કેસો

ગાંધીનગર,તા.૨૭

કોવિડ-૧૯ રોગના કેસો રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી સરકાર દ્વારા લેવામાં આવેલ રોગ નિયંત્રણ પગલાઓને પરીણામે નિયંત્રિત રહેલ છે. જેના પરિણામ સ્વરૂપ ૧૫ દિવસ પહેલા રાજ્યમાં કેસ બમણા થવાનો દર જે ૧૬ દિવસ હતો તે આજે વધીને ૨૪.૮૪ દિવસ થયો છે. આ કેસ બમણા થવાનો દર ગત સમય દરમિયાન રાજ્યમાં નોંધાયેલ કેસોના ગ્રોથ રેટનો આધારે ગણવામાં આવે છે. આમ રાજ્યમાં કોવિડ-૧૯નો રોગચાળો નિયંત્રણ હેઠળ છે, તે ફિલત થાય છે. આજ રોજ રાજયમાં અમદાવાદમાં ૨૫૬, સુરત ૩૪, વડોદરા ૨૯, મહીસાગર ૧૪, વલસાડ ૧૦, સુરેન્દ્રનગર ૬, ગાંધીનગર ૫, નવસારી ૪, રાજકોટ ૩ આણંદ, પાટણ અને કચ્છ તથા અન્ય રાજ્ય ખાતે ૨-૨, ભાવનગર, મહેસાણા, પંચમહાલ, બોટાદ, છોટા ઉદેપુર, પોરબંદર અને અમરેલી ખાતે ૧-૧ કેસ એમ રાજ્યમાં કુલ ૩૭૬ નવા કેસ નોંધાયેલ છે. જેની સામે ૪૧૦ દર્દીઓને સાજા થતા રજા આપવામાં આવેલ છે. હાલ રાજ્યમાં કુલ ૬૭૨૦ એક્ટીવ કેસ છે. રાજ્યમાં અમદાવાદ ૧૯, સુરત ૨, મહીસાગર અને વડોદરા ખાતે ૧-૧ મરણ આજ રોજ કોવિડ-૧૯નાં કારણે નોંધાયેલ છે.

આજ રોજ રાજ્યમાં કુલ ૪૧૦ દર્દીઓ સાજા થઈને ઘરે ગયેલ છે. જેમાં અમદાવાદ જીલ્લામાંથી સૌથી વધુ ૩૨૭ દર્દીઓને અને ત્યારબાદ સુરત ૩૦, વડોદરા ૧૧, પાટણ ૮, ભાવનગર ૬, સુરેન્દ્રનગર ૫, દાહોદ, ગાંધીનગર અને વલસાડ ખાતે ૪-૪, ખેડા ૩, મહેસાણા ૨, અરવલ્લી, ગીરસોમનાથ, જુનાગઢ, કચ્છ, પંચમહાલ, અને રાજકોટ ખાતે ૧-૧ દર્દીઓ સાજા થતા રજા આપવામાં આવેલ છે. આજ દિન સુધી રાજ્યમાં કુલ ૭૫૪૭ દર્દીઓ સારી અને ગુણવત્તા સભર સારવારના પરિણામે સાજા થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૧૦૯૭ | ૭૬૪ | ૪૯૫૦ |
| સુરત | ૧૪૨૧ | ૬૫ | ૯૮૬ |
| વડોદરા | ૯૧૪ | ૩૬ | ૫૩૦ |
| ગાંધીનગર | ૨૩૭ | ૧૩ | ૧૨૯ |
| ભાવનગર | ૧૨૦ | ૦૮ | ૯૭ |
| બનાસકાંઠા | ૧૦૨ | ૦૪ | ૭૮ |
| આણંદ | ૯૫ | ૧૦ | ૭૭ |
| રાજકોટ | ૯૭ | ૦૨ | ૬૮ |
| અરવલ્લી | ૧૦૧ | ૦૩ | ૭૮ |
| મહેસાણા | ૧૦૪ | ૦૪ | ૬૦ |
| પંચમહાલ | ૭૯ | ૦૭ | ૬૮ |
| બોટાદ | ૫૮ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૦૫ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૬૩ | ૦૪ | ૪૪ |
| પાટણ | ૭૫ | ૦૫ | ૫૧ |
| જામનગર | ૫૨ | ૦૨ | ૩૧ |
| ભરૂચ | ૩૭ | ૦૩ | ૨૯ |
| સાબરકાંઠા | ૯૭ | ૦૩ | ૨૯ |
| ગીર-સોમનાથ | ૪૪ | ૦૦ | ૨૩ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૨૨ |
| છોટાઉદેપુર | ૨૩ | ૦૦ | ૨૧ |
| કચ્છ | ૬૮ | ૦૧ | ૧૩ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૩૩ | ૦૧ | ૦૯ |
| નવસારી | ૨૨ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૨૭ | ૦૦ | ૦૮ |
| પોરબંદર | ૦૮ | ૦૦ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૩૧ | ૦૦ | ૧૦ |
| મોરબી | ૦૩ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૮ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૫૨૦૫ | ૯૩૮ | ૭૫૪૭ |

## ભિલોડા તાલુકાનો માથાભારે બુટલેગર જેલના સળીયા પાછળ ધકેલાયો

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકાના ડોડીસરા ગામનો વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલ માથાભારે બુટલેગર પોલીસ ધ્વારા જેલના સળીયા પાછળ ધકેલાયો છે.રાજસ્થાન રાજ્યની સરહદે આવેલ ગુજરાત રાજયના અરવલ્લી જીલ્લાના ભિલોડા અને શામળાજીના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ ઠાલવી કટીંગ કરીને બુટલેગરોને વિવિધ વાહનો માફરતે રાજયભરમાં વિદેશી દારૂ પહોંચાડતો હતો. પોલીસ કર્મીઓ પર હુમલા કરવા ટેવાયેલો માથાભારે બુટલેગર સુકો ઉર્ફે ભંવરલાલ ડુંડના ઘર આંગણેથી ૧૫ મી મે ના રોજ જીલ્લા પોલીસની સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. પ્રોહિબીશન એક્ટ મુજબ બુટલેગર વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો. પોલીસ તપાસ દરમ્યાન કુખ્યાત બુટલેગરને ડોડીસરા ગામની સીમમાંથી ઝડપી પોલીસએ જેલના સળીયા પાછળ



ધકેલી દીધો હતો.પ્રજાજનો અને પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

ગુજરાત રાજયમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર રીતે પરપ્રાંતિય વિદેશી દારૂનો વેપાર કરીને અનેક બુટલેગરો લાખ્ખો, કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે. ડોડીસરાનો કુખ્યાત બુટલેગર પોલીસ પર હુમલો કરતા ખચકાતો ન હોવાથી એક સમયે પોલીસ તંત્ર પણ લાચાર હતું.તા.૧૫ મે ના રોજ ભિલોડા પી.એસ.આઈ. કે.કે. રાજપુતને બાતમી મળતા બુટલેગરના ઘરે મોટી માત્રામાં વિદેશી દારૂ ઠલવાયો હોઈ ત્યારે ડી.વાય. એસ. પી. ભરત બસિયા અને જીલ્લા પોલીસ તંત્રએ સામુહિક રીતે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા રૂા.૭.૩૪ લાખનો વિદેશી દારૂ સહિત રૂા.૧૮.૩૫ લાખનો કુલ મુદ્દામાલ ઝડપાયો હતો. પોલીસ રેઈડ દરમ્યાન બુટલેગર ઝડપાયો ન હતો. ભિલોડા પોલીસએ બુટલેગરને ઝડપી લેવા માટે વિવિધ ટીમો બનાવી શોધખોળ હાથ ધરાઈ હતી. ડોડીસરા ગામના સીમમાંથી બુટલેગરને પોલીસએ દબોચીને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.




**ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને છાશનું વિતરણ**

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતા પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના સુત્ર સાથે સંકળાયેલ ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા ધ્વારા શ્રમજીવીઓને છાશનું વિતરણ કરાયું હતું. ભિલોડા તાલુકાના મહેરૂ અને જેસિંગપુર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા યોજના અંતર્ગત કામકાજ કરતા ૩૮૫ શ્રમજીવીઓને સેવાભાવી દાતા રામઅવતાર શર્મા તરફથી છાશનું વિતરણ કરાયું હતું. મુકેશભાઈ પંચાલ ,જગદીશભાઈ પટેલ, સંજયભાઈ પંચાલ, નરેશભાઈ પંચાલ સહિત સેવાભાવી હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મનરેગાનું કામકાજ કરતા શ્રમજીવીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મૌછા ગામે હાલમાં કોરોના વાયરસનો એક કેસ પોઝીટીવ આવેલ છે, ત્યારે સમગ્ર તંત્ર પ્રસંશનીય કામગીરી કરી રહ્યું છે, તે અંતર્ગત જિલ્લા કલેક્ટર સી.જે. પટેલની સુચનાથી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.આર.કે. યાદવના માર્ગદર્શનથી ફતેપુર મેડિકલ ઓફિસર ડૉ. પાર્થ પટેલના સુપરવિઝનથી મૌછા ગામે રોગ પ્રતિકારકશક્તિ મળી રહે તેવા ઉદ્દેશથી સરકારી હોમિયોપેથીક દવાખાનાના ડૉ. યતીન જોષી દ્વારા હોમીઓપેથીક દવાનું વિતરણ તથા સરકારી આયુર્વેદિક દવાખાનાના ડૉ. અંકિતાબેન દ્વારા ગ્રામજનોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ હંસરાજસિંહ પી. પરમાર, સબસેન્ટર મૌછાના આરોગ્ય કાર્યકર પી.સી. પંચાલ તથા પી.આર. મોદી દ્વારા સોસીયલ ડિસ્ટનસિંગ જાળવીને કોરોના વાયરસ સામે જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## ગુજરાત રાજ્યના ગ્રામીણ વિસ્તારના લોકો પીવાના પાણીની ફરિયાદ ટોલ - ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર નોંધાવી શકશે

ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવી શકે તે હેતુથી પીવાના પાણીની ફરિયાદ નોંધણી માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર '૧૯૧૬' ૨૪ કલાક કાર્યરત છે.

ગુજરાત પાણી પુરવઠા બોર્ડની યાદીમાં જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીને સંબંધીત ફરિયાદો જેવી કે હેન્ડપંપ રીપેરીંગ, મીની પાઈપ યોજનાનું રીપેરીંગ અને વ્યક્તિગત કે જુથ પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવતા પાણી અંગેની કોઈપણ ફરિયાદ નાગરિકો આ ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર '૧૯૧૬' ઉપર નોંધાવી શકે છે.

ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ કે લીકેજ હોય, પાણીની ચોરી થતી હોય અથવા કોઈ વિસ્તારમાં પાણીનો ખોટો વ્યય થતો હોય તેવા કિસ્સામાં પણ નાગરિકો ફરિયાદ નોંધાવી શકે છે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ઓનલાઈન ફરિયાદ નોંધવાની સુવિધા પણ પુરી પાડવામાં આવી છે. ઓનલાઈન ફરિયાદ https://ws.gujarat.gov.in/ વેબસાઈટના New Complaint સેક્શન મારફતે નવી ફરિયાદ નોંધાવી શકાશે. જો કોઈ કિસ્સામાં ટોલ ફ્રી નંબર '૧૯૧૬' વ્યસ્ત જણાય તો આવા કિસ્સામાં નાગરિકો અન્ય નંબર ૧૮૦૦ ૨૩૩ ૩૯૪૪ ૩૨ પણ ફરિયાદ નોંધાવી શકે છે.

## અરવલ્લીમાં આશ્રિત બનેલા આસામના ૩૫ શ્રમિકોને વતન રવાના કરાયા

સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર થંતા જ અરવલ્લી જિલ્લામાં સમગ્ર દેશના અલગ-અલગ



પ્રાંતના લોકો આશ્રિત બન્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનમાં ચોથા તબક્કકામાં શેલ્ટર હાઉસમાં રોકયેલા પરપ્રાંતિયોને વતનમાં જવાની છૂટ આપતા અરવલ્લી જિલ્લામાં આશ્રિત બનેલા ૩૫ આસામવાસીઓને વતન પરત મોકલાયા હતા.

અરવલ્લી જિલ્લા છેલ્લા ૬૦ દિવસથી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ એમ વિવિધ રાજયના લોકો અરવલ્લી જિલ્લામાં આશ્રય લઈ રહ્યા હતા. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા તેમને વતન જવાની છૂટ આપવમાં આવતા તબક્કાવાર મધ્યપ્રદેશ, રાજસ્થાનના, ઉત્તરપ્રદેશ અને બિહાર લોકોને તેમના વતન મોકલી આપવામાં આવ્યા હતા, એવા જ આસમ રાજયના ૩૫ લોકો અરવલ્લી જિલ્લામાં ધંધાર્થે રોકાયેલા હતા આ પરપ્રાંતિયો પોતાના વતનમાં જવાની ઈચ્છા દર્શાવતા શ્રમિક સ્પેશ્યલ ટ્રેનની સુવિધા મારફતે તેમના વતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમને ફૂડ પેકેટ, પાણી સહિત તમામ સુવિધાઓ સાથે અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે બસ મારફતે મોકલી આપવામાં આવ્યા હતા.

## ઓનલાઈન ગેમ રમીને કેશિયરે ૪.૪૦ લાખ ઉડાવી નાખ્યા

શહેરના બોડકદેવ વિસ્તારમાં આવેલી હેન્ડિક્રાફ્ટ્સ કંપનીના એક સભ્યએ કેશિયર સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો છે કે, કેશિયરે ઓનલાઈન રમી (Rummy) રમવામાં કંપનીના ૪.૪૦ લાખ રૂપિયા ખર્ચી નાખ્યા.

પાલડીમાં રહેતા અને કંપનીના અકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં કામ કરતાં ૩૯ વર્ષના હર્ષ શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કહ્યું કે, ઉપેન્દ્ર મકવાણાએ છેલ્લા ૨ વર્ષથી કંપનીમાં કેશિયર તરીકે નોકરી કરે છે. FIR પ્રમાણે, મકવાણા સેલ્સ અને પૈસા સંભાળે છે. કોવિડ-૧૯ના કારણે માર્ચથી કંપની બંધ છે અને તેથી સેલ્સના પૈસા મકવાણા પાસે હતાં. FIR માં વધુ કહેવાયું છે કે, જ્યારે કંપનીના ડિરેક્ટરે સેલેરી કરવા માટે પૈસા માગ્યા ત્યારે મકવાણાએ કહ્યું કે તેની પાસે નથી કારણ કે તેણએ તે ખર્ચી નાખ્યા છે. તેણે ડિરેક્ટરને કહ્યું કે, તે પૈસા ચૂકવી દેશે અને બાદમાં તે પોતાના શબ્દોથી ફરી ગયો. બાદમાં છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

આપણે તો બસ ઊંધુ ઘાલીને ચાલ્યા કરવાનું, ચાલ્યા જ કરવાનું. જીવતા રહીશું તો માનું મોઢું આપણે ભાળીશું. આપણું મોઢું માબાપ જોવાના. ફેસબુક ઉપર કાજલબેન કાંજિયાએ ''રસ્તાની વાતો ના કર, પગની વાતો કર, ને બસ તું પેટે બળતી શગની વાતો કર ''એવી એક ગઝલ લખી હતી, તે વાંચતાં વાંચતાં મારા મનમાં પણ પણ એક ગઝલ રચાવા માંડી. ટિપ્પણીમાં આખી ગઝલ લખી દીધી. તમને પણ સંભળાવું. એક અકસ્માતમાં યુપીની ડુમરિયાગંજની ગુડિયા ખાન મૃત્યુ પામી. તેના મૃતદેહ પાસે બે વર્ષનો માસૂમ પુત્ર વિલાપ કરતો હોય તેવો ફોટો બહુ ચર્ચામાં રહ્યો. પિતા લાલુખાનનું ૬ મહિના પહેલા જ મોત થયું હતું. અકસ્માતમાં તેની ૫ વર્ષની બેન પણ ઘાયલ થઈ ગઈ છે. ગઝલના ચોથા શેરમાં તેનો ઉલ્લેખ છે.

રસ્તાની હું વાત કરું છું, પગની વાતો જાવા દે,
પંખીડાંની વાત કરું છું, ઠગની વાતો જાવા દે.
ફૂલ પડ્યું'તું રસ્તા પર મેં નીચા નમીને લઈ લીધું,
વાત કરું છું આતમની, તું જગની વાતો જાવા દે.
કાચ વાગ્યો, કાંટો વાગ્યો, પથ્થર વાગ્યો અણિયાળો,
રક્ત ઝમ્યું છે અંગુઠે, એ દખની વાતો જાવા દે.
હાથ તૂટ્યો છે બહેનીનો ને જનનીનો તો ખોવાણો,
કાલ્ય હિલ્લોળા ખાતો'તો એ રથની વાતો જાવા દે.
ચાલ કહ્યું ને ચાલી નીકળ્યો, આજ લગી તો ના પૂગ્યો,
ક્યારે જોશું માનું મોઢું, મધની વાતો રહેવા દે.

ફેસબુકમાં જ શ્રી દેવાયતભાઈ ભમ્મરે રસ્તા પર ચાલી જતી એક છોકરીના ઉઘાડા પગોનો ફોટો મૂક્યો હતો. તેની કવિતા રચી હતી કે નહીં તે યાદ નથી. પણ પેલા ઉઘાડા પગ જોઇ મને પણ એક કવિતા સૂઝી.

સાવ ખુલ્લા પગ લઈને ચાલશે,
તો લગીરે ખ્યાલ પથનો આવશે.
સૂર્યનું છે કામ સહુને બાળવું,
તું તો માની આંખડીને ઠારશે.
બારણાં છે બંધ એના કયારના,
એ બિચારો ક્યાંથી તુને ભાળશે ?
તું કહે તો રંગ વેરે રાહ પર,
એટલો અસબાબ અલબત્ત આલશે.
ભૂખ લાગે તો ભીડી લે હોઠને
એકબે બિસ્કીટથી ભૂખ ભાંગશે ?

### લોકડાઉનની શક્યતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેવી શકયતા છે. જોકે તેના માટે ચોક્કસ નિયમો અને શરતો હશે. ધાર્મિક સ્થળો પર કોઈ પણ મેળો કે મહોત્સવ મનાવવાની છુટ હશે નહિ. સાથે જ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ શકશે નહિ.

લોકડાઉન ૫.૦ દરમિયાન તમામ ઝોનમાં સલુન અને જિમને ખોલવાની પરવાનગી મળે તેવી શકયતા છે. જોકે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સ્થિત સલુન અને જિમને ખોલવાની પરવાનગી અપાશે નહિ. આ તબક્કામાં કોઈ સ્કુલ, કોલેજ-યુનિવર્સિટીને ખોલવાની પરવાનગી આપી શકાશે નહિ. આ ઉપરાંત મોલ અને મલ્ટીપ્લેક્સને પણ બંધ રાખાય તેવી શકયતા છે. લોકડાઉનના આ તબક્કામાં લગ્ન અને અંતિમસંસ્કારમાં વધુ લોકોને સામેલ થવાની છુટ અપાય તેવી શકયતા છે. સૂત્રોનું કહેવું છે કે લોકડાઉનનું પાંચમું ચરણ બે સપ્તાહ માટે લાગુ કરાય તેવી શકયતા છે.

### નિયંત્રણ હેઠળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી ગયું છે. આ વર્ષે તેને ૯ ૧૭૯ અબજ રાખવામાં આવી છે, દેશની પાછળની પડકારો કહેવામાં આવી છે. પાછલા વર્ષ કરતા ૬.૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ભારતની વાત કરીએ તો વર્ષ ૨૦૨૦ નું અમારું સંરક્ષણ બજેટ .૯ ૬૬.૯ અબજ છે. ચીનનું લેટેસ્ટ બજેટ તેના કરતા ૨.૭ ગણા વધારે છે. પીપલ્સ લિબરેશન આર્મી ઓફ ચાઇના હાલમાં ભારતમાં ૧.૫ મિલિયનની તુલનામાં ૨.૨ મિલિયન સક્રિય કર્મચારીઓ છે. જો યુદ્ધ મિસાઇલોનું છે, તો ભારત અને ચીન એક બીજાની તરફેણમાં છે. ભારત પાસે અગ્નિ -૫ મિસાઇલ છે જે ૫૦૦૦ કિ.મી. ચીનનો મોટા ભાગનો ભાગ તેની રેન્જમાં છે. તે જ સમયે, ચીન પાસે ડ્ફ્ન-૪૧ મિસાઈલ છે. ૨૦૧૯ માં બતાવેલ આ મિસાઈલથી, એવો દાવો કરવામાં આવ્યો હતો કે તે ૩૦ મિનિટમાં યુએસ પર હુમલો કરી શકે છે. તેની રેન્જ ૯,૩૨૦ કિ.મી. તેનો ઉપયોગ પરમાણુ શસ્ત્રો લઈ જવા માટે પણ થઈ શકે છે. ચીન હાલમાં વિમાનોની સંખ્યામાં આપણા કરતા આગળ છે. તેની પાસે ૩,૨૧૦ વિમાન છે. ભારત પાસે ૨,૧૨૩ વિમાન છે. લડાકુ વિમાનોની વાત કરીએ તો, ભારત પાસે ૮ ૫૩૮ છે, જ્યારે ચીનમાં ૧,૨૨૨ છે. ચોપર ઈન્ડિયા પાસે કુલ ૭૨૨ છે જ્યારે ચીનમાં ૯૧૧ છે. ચીનને અડીને આવેલી સરહદ પર ભારતે કેટલી તૈયારી કરી ચીનના સરહદી ક્ષેત્રમાં ભારતમાં ૧૫ પાયદળ વિભાગ (દરેક વિભાગમાં ૧૨ હજારથી વધુ સૈનિકો) છે. આર્ટિલરી, મિસાઈલો, ટાંકી અને એર ડિફેન્સ રેજિમેન્ટ પણ છે. રફાલના આગમન સાથે ભારત મજબૂત બનશે ભારતે ફ્રાન્સ સાથે ૩૬ રાફેલ વિમાન ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આમાંથી ચાર જુલાઈના અંત સુધીમાં ભારતની મુલાકાતે આવી શકે છે. તેમનું આગમન ભારતને મજબુત બનાવશે. ભૂતકાળમાં, ચાઈનીઝ હેલિકોપ્ટર એલએસી ઉપર ઉડતા જોવા મળ્યા હતા. આ સાથે અહેવાલ છે કે ચીને લદ્દાખ નજીક લડાકુ વિમાનો બનાવ્યા છે ત્યાં લડાકુ વિમાનો ઉભા કરીને. તે સમજાવો કે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ચીનના રાષ્ટ્રપતિ શી ચિનફિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બે અનૌપચારિક બેઠકોમાં તેમની સૂચનાઓનો ઉલ્લેખ કરી રહ્યા હતા. જેમાં તેમણે બંને દેશોના દળોને પરસ્પર વિશ્વાસ વધારવા માટે વધુ પગલાં ભરવા જણાવ્યું હતું. નવીનતમ તણાવ ત્યારે શરૂ થયો જ્યારે ભારતીય સરહદ પર ચાલી રહેલા નિર્માણ કાર્ય અંગે ચીને વાંધો ઉઠાવ્યો હતો. જો કે, ભારતીય સેનાએ કહ્યું હતું કે, પેંગોંગમાં હવે સંઘર્ષ જેવી સ્થિતિ નથી અને ઘણા સૈનિકો નથી. આવું જ કંઈક લદાખમાં થયું છે, જે ચીનને નુકસાન પહોંચાડી રહ્યું છે. એક વર્ષ પહેલા ત્યાં એક રસ્તો પૂર્ણ થયો છે. આ કાર્ય ખૂબ જ મુશ્કેલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યું હતું. આ જ કારણ છે કે લદાખમાં ચીનની ઝગડો સતત સામે આવી રહ્યો છે. ભૂતકાળમાં પણ સિક્કિમ અને લદાખમાં ચીની સૈનિકો ભારતીય સૈનિકો સાથે સંકળાયેલા હતા. નિષ્ણાતો માને છે કે લાઇન છર્ફ્ક ટ્ફ્ઞક્યુઅલ કંટ્રોલ (એલએસી) પર આવી ઘટનાઓ વધુ ખુલ્લી પડી શકે છે. હકીકતમાં, લદાખમાં બનેલો દરબુક-શ્યોક-દૌલાત બેગ ઓલ્ડિ રોડ, મેદાની દીપાસાંગ અને ગાલવાન ખીણમાં પહોંચે છે.

### વધતી ખાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો કલ્યાણનો જ છે... હાલાકી દૂર કરવાનો છે..! શા માટે બધાને વિશ્વાસમાં લઈને સરકાર કામ કરવામાં માનતી નથી. 'સૌનો વિશ્વાસ સૌનો સાથ' સુત્રમાં પૂર્ણ નિષ્ઠા રાખનારા શાસકો કેમ અટવાઈ ગયા છે....?! શા માટે રોજ નવા નવા થીંગડા મારવાની જરૂર પડી છે..?! કેમ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાવુ પડે છે. સાચી માહિતી મીડિયા અને ન્યાયતંત્ર સુધી પહોંચશે તો પ્રજાને ફરિયાદને કોઈ કારણ નહીં રહે અને ચારેય સ્તંભો એકમેકને પૂરક બનીને કાર્યરત રહેશે તો કોરોના સામેના જંગમાં જીતનો વિશ્વાસ પેદા થશે. પ્રજા નિર્ભિક બનીને આર્થિક પ્રવૃત્તિમાં મન પરોવાશે. એક વિશ્વાસનો માહોલ સર્જાશે અને આફત સામે લડવાની સામાજીક ક્ષમતા નિર્માણ થશે.

### દરખાસ્ત તૈયાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવે તેમજ આવા શંકાસ્પદ દર્દીઓનો ઉલ્લેખ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં કરવામાં આવે તેમ જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત મેડીકલ વેસ્ટના નિકાલ અંગે સૌ કર્મયોગીઓને યોગ્ય માર્ગદર્શન મળે તે માટે જરૂરી તાલીમ આપવાની બાબતે પણ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

### અવલોકન ફી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ ૩૦૦ ફી ચુકવી હશે તો તેમને નક્કી કરાયેલા ફી ઘટાડા મુજબ રકમ પણ પરત કરવામાં આવશે. વધુમાં જાણવા મળ્યા મુજબ પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ સરકારે ઉત્તરવહીના અવલોકનની કામગીરી માટે રાજયમાં વિવિધ ચાર ઝોન પર કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા પણ કરી છે જેથી હાલની સ્થિતિ મુજબ સરકારી ગાઇડલાઈન મુજબ સલાતમીના પરિબળો પણ જળવાઈ રહે દરવર્ષે આ પ્રક્રીયા માત્ર ગાંધીનગરમાં જ થતી હતી પરંતુ કોરોના મહામારીને અનુલક્ષીને હવે વિવિધ ચાર ઝોનમાં આ કામગીરી કરવામાં આવશે.

### અહાઈવેનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓવરબ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવનાર છે. જયારે આ પૈકી મોટાભાગનુ સ્ટ્રકચર પણ તૈયાર કરી દેવાયુ છે. કોરોનાના કહેર વચ્ચે અગાઉ તા ૨૪ માર્ચથી લોકડાઉનના લીધે આ પ્રોજેકટની કામગીરી બંધ થઇ ગઇ હતી. જયારે ત્યારબાદ તા ૨૦ એપ્રિલના રોજ નેશનલ હાઇવેનુ કામ પુન : શરૂ કરી દેવાયુ છે. કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનની પરિસ્થિતિમાં કામગીરી થોડી ખોરંભે પડી ગઇ હતી જેના લીધે આ કામ નિયત સમયમાં પુર્ણ કરવાનુ કામ પણ કપરુ બન્યુ છે. સમગ્ર પ્રોજેકટની કામગીરી નવેમ્બર ૨૦૨૦ સુધીમાં પુર્ણ કરવાની થાય છે પરંતુ આ સ્થિતિના લીધે હવે આ પ્રોજેકટની કામગીરી વધુ ૬ મહીના લંબાશે હાલની સ્થિતિએ ચિલોડા સરખેજ હાઇવેના પ્રોજેકટની કામગીરી અન્વયે ૪૦ ટકા કામ થયુ છે. જયારે આ સમગ્ર પ્રોજેકટને તૈયાર થતા હજુ એક વર્ષનો સમય લાગશે. લોકડાઉનની સ્થિતિ દરમિયાન પણ નેશનલ હાઇવેના અધિકારીઓએ મજુરો માટે પુરતી વ્યવસ્થા કરી હતી. જયારે હાલમાં પણ પ્રોજેકટમાં કામ કરતા મજુરો માટે શાકભાજી સહીત જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. જયારે અગાઉ પોતાના વતનમાં જવા ઇચ્છતા મજુરોને ટ્રેઇનની ટીકીટ અને નાસ્તા પાણીની વ્યવસ્થા સાથે બેસાડી રવાના કરાયા હતા. પ્રોજેકટને અનુલક્ષી કોન્ટ્રાકટરો પણ મજુરોને જરૂરી મદદ પુરી પાડી રહ્યા છે.